# દારૂની દુકાનમાં વાંદરાની 'મહેફિલ'



**ઘૂંટડો** માર્યા બાદ દુકાનની અંદર જ ચૂર થઈને સૂઈ ગયો

રાંચી, તા. ૨૬: ઝારખંડના રાંચીમાં એક માદા વાંદરો દારૂની દુકાનમાં ઘૂસી ગયો હતો, ત્યાં એક બોટલમાંથી દારૂ પીધો અને ત્યાર બાદ દુકાનની અંદર જ ઊંઘી ગયો, જે એક અસાધારણ કિસ્સો બન્યો હતો.

આ અજીબોગરીબ ઘટના ઓરમાઝીના બ્લોક ચોક ખાતે બની હતી, જ્યાં અચાનક એક વાંદરો દારૂની દુકાનમાં ઘૂસી ગયો અને તેની અંદર આડાઅવળા આંટા મારવા લાગ્યો.

વાંદરાએ દુકાનમાં રાખેલી એક બોટલમાંથી થોડો દારૂ પણ પી લીધો અને ત્યાર બાદ ખૂબ જ ગાઢ ઊંઘ માણી રહ્યો હોય તેમ ત્યાં જ ઊંઘી ગયો હતો.

આ અનપેક્ષિત મહેમાને દુકાનદારોને એવી મૂંઝવણમાં મૂકી દીધા જેની તેઓએ ક્યારેય અપેક્ષા નહોતી રાખી. વાંદરા અંગેની માહિતી ફેલાયા બાદ એક રેસ્ક્યુ ટીમ સ્થળ પર આવી પહોંચી અને તેને સુરક્ષિત રીતે દારૂની દુકાનની બહાર લાવવાના પ્રયાસો કર્યા.

આ દુકાનને વાંદરાએ દારૂ પીવા અને આરામ કરવા માટેનું અનોખું સ્થળ બનાવ્યું હોય તેવું લાગતું હતું.

# ૪૬૫ કિલોનું કોળું અને ૭.૫ મીટર લાંબી કાકડી!





**બ્રિટનની** જાયન્ટ વેગ સ્પર્ધામાં નવા વિક્રમો

**મહાકાય** કોળું નિર્ણાયકો સમક્ષ લાવવા ફોર્કલિફ્ટની જરૂર પડી

વૉર્સેસ્ટરશાયર, તા. ૨૬: વાર્ષિક 'નેશનલ જાયન્ટ વેગ' સ્પર્ધા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે - જેમાં મોટા બીટ, રીંગણ અને ૪૬૫ કિગ્રા વજનવાળા કોળા આ વર્ષે આકર્ષણનું કેન્દ્ર બનવા માટે તૈયાર છે. વિશ્વ રેકોર્ડ તોડતી ઉપજોની એક ઝલક જોવા માટે આગામી ત્રણ દિવસમાં વોરસેસ્ટરશાયરના માલવર્ન સ્થિત થ્રી કાઉન્ટીઝ શોગ્રાઉન્ડ ખાતે ૬૫,૦૦૦ થી વધુ લોકો ઉમટી પડવાની અપેક્ષા છે. હવે બાગાયતના શોખીનો વધુ રેકોર્ડ તોડવાની આશા રાખી રહ્યા છે, જેમાં બ્રિટિશ વિશાળ શાકભાજી ઉગાડનાર ચેમ્પિયન ગ્રેહામ બેરેટ પણ સામેલ છે, જેમણે તેમનું વિશાળ ૪૬૫.૫ કિલોગ્રામનું કોળું ટ્રકમાં વહન કરવું પડ્યું હતું. આ પ્રભાવશાળી ઉપજનો પરિઘ ૧૩૦ ઈંચનો છે અને તેને નિર્ણાયકો સમક્ષ લાવવા માટે ફોર્કલિફ્ટની જરૂર પડી હતી.

શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બરે સ્પર્ધાના પહેલા જ દિવસે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના સાત રેકોર્ડ બન્યા - જેમાં ૩૬૩ ગ્રામનો સૌથી ભારે મકાઈનો દાણો, ૨૪.૬ ફૂટનો સૌથી મોટો કાકડીનો છોડ અને ૨૬ કિલોગ્રામનું સૌથી ભારે બીટ સામેલ છે. ગ્લોસેસ્ટરના એબીડેલના બીટીના ભૂતપૂર્વ વરિષ્ઠ મેનેજર ગ્રેહામ આ વર્ષે નવ એન્ટ્રીઓ ધરાવે છે અને આ વર્ષે તેમણે ઈતિહાસમાં સૌથી લાંબી ૭.૫ મીટર લાંબી કાકડીનો વિશ્વ રેકોર્ડ તોડ્યો છે.

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં 13નાં મોત



**ટીટીપીએ** આ હુમલાની જવાબદારી સ્વીકારી

**પોલીસ** ચોકી સાથે વિસ્ફોટકો ભરેલું વાહન અથડાવ્યું

પેશાવર, તા. 26 (પીટીઆઈ): પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ ભાગમાં શનિવારે એક વિસ્ફોટકો ભરેલું વાહન પોલીસ ચોકી સાથે અથડાતાં બે મહિલાઓ અને બે બાળકો સહિત ઓછામાં ઓછા 13 લોકોનાં મોત થયાં હતાં અને અન્ય 30 લોકો ઘાયલ થયા હતા. એમ એક અધિકારીએ જણાવ્યું છે.

પાકિસ્તાનની રાષ્ટ્રીય કટોકટી પ્રતિસાદ સેવા 'રેસ્ક્યુ 1122' અનુસાર, આ ઘટના અશાંત ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પ્રાંતોની સરહદ નજીક ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના દારાઝિંડા તાલુકામાં બની હતી. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.

પ્રાદેશિક પોલીસ અધિકારી ખાન મુબશીર મલિકે જણાવ્યું હતું કે, એક આત્મઘાતી હુમલાખોરે અમાન મેલા વિસ્તારમાં સંયુક્ત પોલીસ અને કસ્ટમ્સની સંયુક્ત ચોકી સાથે વિસ્ફોટકોથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલી અથડાવી હતી.

ડેરા ઈસ્માઈલ ખાન-ક્વેટા રોડ પર દાણચોરી ડામવા અને માલસામાનની ગેરકાયદેસર હિલચાલ તપાસવા માટે આ ચોકી સ્થાપવામાં આવી હતી.

વિસ્ફોટના કારણે ચોકીનો મોટો ભાગ નાશ પામ્યો હતો અને નજીકનું એક મકાન સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયું હતું, જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, આત્મઘાતી હુમલાખોર, એક્સાઈઝ અને કસ્ટમ્સ વિભાગના છ અધિકારીઓ, બે પોલીસકર્મીઓ, બે મહિલાઓ અને બે બાળકો સહિત કુલ 13 લોકોનાં મોત થયાં છે અને 30 લોકો ઘાયલ થયા છે.

ઘાયલોને સારવાર માટે ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે મૃતદેહોને પણ ત્યાં જ લઈ જવામાં આવ્યા છે.

પોલીસે જણાવ્યું કે, હુમલામાં વપરાયેલા વિસ્ફોટકોની પ્રકૃતિ નક્કી કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે.

### જિનપિંગની યુએસ મુલાકાત:

# $30 અબજના ટેરિફ ઘટાડા અને AI કમ્યુનિકેશન પર મોટી સહમતી

**AI**-સંબંધિત ઘટનાઓ માટે એક કમ્યુનિકેશન ચેનલ પણ સ્થાપિત કરાશે

**આર્ટિફિશ્યલ** ઇન્ટેલિજન્સને બદલે સુપર ઇન્ટેલિજન્સ શબ્દ વાપરવા બંને નેતાઓ સહમત થયા છે

**બોર્ડ** ઓફ ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કાર્યરત કરાશે

વોશિંગ્ટન, તા. ૨૬(પીટીઆઈ): ચીનના પ્રમુખ શી જિનપિંગની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકા અને ચીન કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) સંબંધિત ઘટનાઓ પર સંવાદ સ્થાપિત કરવા, બોર્ડ ઓફ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટને કાર્યરત કરવા અને ૩૦ બિલિયન ડોલરના પરસ્પરના ટેરિફ ઘટાડાની વ્યવસ્થા પર સહમત થયા છે.

વોશિંગ્ટન અને બેઈજિંગમાં બહાર પાડવામાં આવેલા અલગ-અલગ નિવેદનોમાં, બંને નેતાઓ એ વાત પર પણ સહમત થયા હતા કે ઈરાન ક્યારેય અણુ બોમ્બ ધરાવી શકે નહીં અને કોઈ પણ દેશ કે સંસ્થાને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ટોલ વસૂલવાની મંજૂરી આપી શકાય નહીં. ચીનના વિદેશ મંત્રાલયે શનિવારે તેની માહિતી આપતા જણાવ્યું હતું કે બંને પક્ષો કટોકટી સંચાર વધારવા અને બંને સૈન્ય વચ્ચેની કટોકટી રોકવા અંગેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવા માટે સંમત થયા છે. બોર્ડ ઓફ ટ્રેડ હેઠળ, બંને દેશો બંને તરફથી ૩૦ અબજ ડોલરના બિન-સંવેદનશીલ સામાન માટે વધુ અનુકૂળ ટેરિફ વ્યવહાર માટેની ભલામણો પર સર્વસંમતિ પર પહોંચ્યા હતા, મુલાકાત અંગેના વ્હાઈટ હાઉસના ફેક્ટ શીટમાં જણાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બંને દેશોએ સંભવિત રોકાણની તકો અને અવરોધોની ચર્ચા કરવા માટે અને વ્યવસાયિક રીતે અર્થપૂર્ણ રોકાણ સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે એક સંરચિત માધ્યમ પૂરું પાડવા માટે બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટની સ્થાપના કરી છે.

કૃત્રિમ બુદ્ધિમત્તા(આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પર, નેતાઓ AI-સંબંધિત જોખમો અને લાભો પર વિચારોની આપ-લે કરવા માટે ચીન-અમેરિકા AI સંવાદ સ્થાપિત કરવા સંમત થયા હતા, જેનો આગામી રાઉન્ડ નવેમ્બરમાં યોજાશે. ચીનના વિદેશ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે કે AI-સંબંધિત ઘટનાઓ માટે એક કમ્યુનિકેશન ચેનલ પણ સ્થાપિત કરવામાં આવશે.

# નાગપુર-મુંબઈ દુરંતો એક્સપ્રેસના ત્રણ ડબ્બા પર પથ્થરમારો

નાગપુર, તા. ૨૬ (પીટીઆઈ): નાગપુર-વર્ધા લાઈન પર બોર્ખેડી અને સિંદી સ્ટેશનો વચ્ચે મુંબઈ સીએસએમટી જતી દુરંતો એક્સપ્રેસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. એમ સેન્ટ્રલ રેલવેના એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું. આ ઘટના શુક્રવારે રાત્રે આશરે ૮:૩૦ વાગ્યે બની હતી. એમ સેન્ટ્રલ રેલવેના ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર સ્વપ્નિલ નિલાએ પીટીઆઈ વીડિયોને જણાવ્યું હતું. એક 2એસી કોચ અને બે 3એસી કોચ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

## સા રે ગ મ — અનિલ આનંદ

### ચાય પે ચર્ચા અને જૂની મિત્રતા



વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમના જનસંપર્ક અભિયાનના ભાગરૂપે લોકપ્રિય બનાવાયેલી 'ચાય પે ચર્ચા'ના અનેક સ્વરૂપો હોઈ શકે છે. વાસ્તવમાં, નેતાની અદ્ભુત નકલ કરતા, ખાસ કરીને ભાજપની અંદર અને બહારના તેમના સમર્થકોએ નેતાની કૃપામાં રહેવા માટે દરેક સંભવિત પ્રસંગે તેને વાતચીતનું એક માધ્યમ તરીકે અપનાવ્યું છે. સામાન્ય રીતે જૂના શાળાના મિત્રો ચા પીતાં-પીતાં જૂની યાદો પર તાજી કરે છે, પરંતુ કદાચ વડા પ્રધાન મોદી અને વડનગર, ગુજરાતની બી.એન. સ્કૂલના તેમના મિત્ર અસગરઅલી વોહરા પાસે 'ચાય પે ચર્ચા'ના આ માધ્યમ પર જૂના દિવસોને યાદ કરવા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ કામ હશે. જોકે, આવી મુલાકાતો વધુ રસપ્રદ બને છે જ્યારે એજન્ડા અગાઉથી નક્કી કરેલો ન હોય પરંતુ અચાયનક બનેલો હોય. ૮૧ વર્ષીય વોહરા, જેઓ હવે મુંબઈમાં રહે છે, તેઓ ૮ સપ્ટેમ્બરે દિલ્હીમાં વડા પ્રધાનના અધિકૃત નિવાસ્થાને પહોંચ્યા હતા. તેમણે ૧૯૮૯માં ભાયંદરમાં ખરીદેલી ૨,૮૧૦ ચોરસ મીટરની જમીનના પ્લોટ સાથે સંકળાયેલા જમીન હડપ કેસમાં વડા પ્રધાનની દખલગીરી અને સીબીઆઈ તપાસની માંગણી કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કરીને ૨૦૧૧માં બે બિલ્ડરો દ્વારા પ્લોટ પર અતિક્રમણ કરવામાં આવ્યું હતું, જેમાંથી એક ભાજપના ધારાસભ્ય સાથે સંકળાયેલ છે. સારું, એવું લાગે છે કે આ કેસમાં 'ચાય પે ચર્ચા' વધુ અર્થપૂર્ણ બની અને વોહરાનું કામ થઈ ગયું. વાર્તાનો સાર: જૂના શાળાના મિત્રો સાથે ક્યારેય સંપર્ક ન છોડો.

### નવરાત્રિ રાજનીતિ વિવાદ



જો રાજકારણ સર્વત્ર શાસન કરી રહ્યું હોય, તો 'નવરાત્રિ'ની ઉજવણી અસ્પૃશ્ય કેવી રીતે રહી શકે? ઉત્સવોમાં ઊમટી પડતી ભીડ પર રાજકીય પક્ષોની નજર હોવાથી 'નવરાત્રિ' રાજકીય રમતોથી અલિપ્ત કેવી રીતે રહી શકે. સારું, મહારાષ્ટ્રમાં અપેક્ષા કરતાં વહેલી 'નવરાત્રિ'ની રાજનીતિ આવી ગઈ હોય તેવું લાગે છે જ્યાં ભાજપે બે મુખ્ય હરીફ પક્ષો - શિવસેના અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીને તોડી નાખી ત્યારથી રાજકીય રીતે એક-બીજાને નીચા દેખાડવાની રમત પૂરઝડપે ચાલી રહી છે. રાજકારણ એ વાત પર છે કે ઉત્સવો બિનસાંપ્રદાયિક રહે કે લઘુમતી સમુદાયને દૂર રાખવામાં આવે. દેખીતી રીતે જ આ વિચારસરણી પાછળ રાજકીય હેતુ રહેલો છે. વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) નથી ઇચ્છતી કે, ગરબા-ડાંડિયા સ્થળો પર મુસ્લિમો સામેલ થાય અને આયોજકોને સહભાગીઓની ઓળખ સ્થાપિત કરવા માટે કાર્ડ્સ ચકાસવા માટે કહી રહી છે. કેબિનેટ મંત્રી, ભાજપના નિતિશ રાણે રાજા કરતાં પણ વધુ વફાદાર સાબિત થયા અને અભિયાનને સમર્થન આપ્યું તથા ગરબાના સ્થળોને 'લવ જેહાદ'ના અડ્ડા ગણાવ્યા. જોકે, રાજકારણનાં અનેક પાસાંઓ પણ હોય છે. તેમાં રાણેના પોતાના પક્ષના નેતા અને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ઘરઆંગણેથી આશ્ચર્યજનક બાબત સામે આવી. સીએમનાં પત્ની અમૃતા ફડણવીસ તરફથી એક અજીબોગરીબ હસ્તક્ષેપમાં, તેમણે જાહેરાત કરી કે ગરબા એક સમાવેશી ઉજવણી છે અને દરેકનું સ્વાગત હોવું જોઈએ.

### પક્ષનું નામ અને બદલાતી ઓળખ



નામમાં શું છે? અને મોસમ કે અનુકૂળતા મુજબ નામ બદલવામાં શું નુકસાન છે? સારું, આ પ્રશ્નો રાજકીય પક્ષોને સંપૂર્ણપણે લાગુ પડે છે અને બંધ બેસે છે. અને જુઓ તો ખરા, જનતા દળ (યુનાઇટેડ)ના પ્રમુખ સંજય ઝા હવે ઇચ્છે છે કે નિતિશ કુમારનું નામ ઔપચારિક રીતે પક્ષની ઓળખ બની જાય. ઠીક છે, કદાચ કુમારના બિહારના સીએમ પદેથી બહાર થયા પછી પાર્ટી દ્વારા સામનો કરવામાં આવતી ઓળખની કટોકટી અટકાવવા માટે આવું થઈ શકે છે.

# અમેરિકાના પૂર્વ કાંઠે શક્તિશાળી વાવાઝોડું: ન્યૂજર્સીમાં પૂરની સ્થિતિ

**ન્યૂયોર્ક**, ન્યૂજર્સી, લોંગ આઇલેન્ડમાં કટોકટીની સ્થિતિ જાહેર

**હજારો** લોકો વીજળી વિહોણા, સેંકડો ફ્લાઇટો રદ



ન્યૂજર્સી, તા. ૨૬: ચાર કરોડ અમેરિકનોને અસર પહોંચાડી શકે તેવું એક શક્તિશાળી નોર્થઈસ્ટર વાવાઝોડું શુક્રવારે રાત્રે અંતે પૂર્વ કિનારે ત્રાટક્યું હતું, જેના કારણે દરિયાનું પાણી શેરીઓ અને સમુદ્રની સુરક્ષા દિવાલો પર ફરી વળ્યું હતું.

અંધારું થયા પછી જ તેની પ્રથમ નાટકીય અસરો જોવા મળી હતી; ન્યૂ જર્સીથી લઈને મેરીલેન્ડ સુધીના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા, જ્યારે રહોડ આઈલેન્ડમાં ઉછળતા મોજા કિનારે અથડાઈ રહ્યા હતા. મોટા પાયે ફેલાયેલા આ વાવાઝોડાએ દરિયાકાંઠા વિસ્તારને ઝાપટમાં લેવાનું શરૂ કરતાં જ હજારો ગ્રાહકોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હવામાનશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે કેટલીક સૌથી ખરાબ પરિસ્થિતિઓ હજુ આવવાની બાકી છે.

આ વધુ મજબૂત બની રહેલા અને નજીક આવી રહેલા વાવાઝોડાને ધ્યાનમાં રાખીને ન્યૂયોર્ક સિટી, ન્યૂ જર્સીના દરિયાકાંઠાના વિસ્તારો, લોંગ આઈલેન્ડ અને ન્યૂયોર્કના વેસ્ટચેસ્ટર કાઉન્ટી માટે 'સ્ટેટ ઓફ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી છે. રહોડ આઈલેન્ડના નારાગાનસેટમાં, નારાગાનસેટ પીઅરની આસપાસ દરિયાકાંઠે આવેલા પૂરના નાટકીય દ્રશ્યો સામે આવ્યા હતા. દરિયાનું પાણી સીવોલ પરથી પસાર થઈને ઓશન ડ્રાઈવ પર વહેતું જોઈ શકાતું હતું, જ્યારે દરિયાના ઉછળતા મોજા નારાગાનસેટ ટાઉન બીચના પાર્કિંગ લોટ સુધી પહોંચી ગયા હતા અને તેને પાણીમાં ગરકાવ કરી દીધું હતું.




# 'મારું ઘર તૂટી રહ્યું છે': ગોવિંદાના અફેરની અફવાઓ વચ્ચે સુનીતા આહુજાએ જેન ઝીનો ટેકો માંગ્યો



મુંબઈ, તા. 26 સુનીતા આહુજાએ ગોવિંદા સાથે ચાલી રહેલા અણબનાવ વિશે વાત કરી છે. તેમણે મહિલાઓ અને જેન ઝીને ટેકો આપવા અપીલ કરી છે અને દાવો કર્યો છે કે તેમનું ઘર તૂટી રહ્યું છે. તેમની આ ટિપ્પણીઓ ગોવિંદા મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજા ખાતે તેમની કથિત પ્રેમિકા કોમલ રાની સ્વર્ણકાર સાથે નજરે પડ્યા બાદ સામે આવી છે. સુનીતા, જેઓ તાજેતરમાં 'લોક અપ'માં જોવા મળ્યાં હતાં, તેમણે કોલકાતાના એક મંદિરની મુલાકાત લીધી હતી અને ત્યાંથી એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં સુનીતા આહુજાએ જણાવ્યું હતું કે, તેઓ દેવીના આશીર્વાદ લેવા અને તેમના જીવનમાં રહેલા 'રાક્ષસ'ના નાશ માટે પ્રાર્થના કરવા ગયાં હતાં.


